RTE પ્રવેશ/અગત્યનું

જા.ન/પ્રાથમિક/RTE/૨૦૨૦/ ૯૮૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૧૮/૦૧/૨૦૨૦

પ્રતિ,

પ્રમુખશ્રી/મંત્રીશ્રી,
સુરત મહાનગરપાલિકા વિસ્તારની તમામ બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ

વિષય :- શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે RTE એક્ટ-2009 હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને ખાનગી પ્રાથમિક શાળાઓમાં મફત પ્રવેશની કામગીરી બાબત.

સંદર્ભ:- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણનિયામકશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્રાંક:પ્રા.શિ.નિ/RTE/પ્રવેશ/૨૦૨૦/૫૭-૯૭ તા.૧૭/૦૧/૨૦૧૯

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, બાળકોનાં મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા બાળકોનાં મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારનાં નિયમ-૨૦૧૨ ની જોગવાઈ હેઠળ નબળા અને વંચિત જુથનાં બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં ૨૫ ટકા મફત પ્રવેશ આપવા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે ખાનગી પ્રાથમિક શાળાઓની ચકાસણી કરી વેબપોર્ટલ પર માહિતી ભરવા તેમજ પ્રવેશ સબંધી આનુસાંગિક કામગીરી કરવા માટે વેરીફાયરોની નિમણુક કરી વેરીફાયરો દ્વારા શાળાનાં વર્ગખંડો તેમજ અન્ય માહિતી વેબપોર્ટલ પર અપલોડ કરવા માટે સંદર્ભપત્ર-૧ થી સૂચનાઓ આપવામાં આવેલ છે. તે મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવતી ખાનગી પ્રાથમિક શાળાઓ પૂર્ણ દિવસ માટે ખુલ્લી રાખી શાળાનાં આચાર્ય અને પ્રવેશની કામગીરી સંભાળતા કર્મચારીને શાળામાં હાજર રાખવા જણાવવામાં આવે છે.

નિમણુંક કરેલ શાળા વિરીફાયર શાળાએ આવે ત્યારે તેમને સંપૂર્ણ સાથ સહકાર આપવાનો રહેશે અને વિના વિલંબે શાળાની માહિતી વેરીફાયરને મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. ઉક્ત બાબતે શાળાની કોઈ ફરિયાદ ન આવે તેની ખાસ કાળજી રાખવી.

બિડાણ:-ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત

નકલ રવાના:-
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,શાળા ક્રમાંક-૧૩૧, ગોપીપુરા,સુરત.

Scanned by CamScanner